# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૬ • તા.૬ મે થી ૧૨ મે ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ડોંબિવલીના પ્રવીણ ટોકરશી લોડાયાને 'આદર્શ ડોંબિવલીકર' નો પુરસ્કાર એનાયત


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આપણી નકારાત્મક મનોવૃત્તિને બદલીએ

જીવનમાં દરેક બાબતોની બે બાજુ હોય છે. નકારાત્મક અને હકારાત્મક. કોઈપણ પરિસ્થિતિનો સામનો આ બન્નેમાંથી કોઈપણ એક રીતે થઈ શકે છે. જે નિર્ણાયત્મક થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું નકારાત્મક થઈ જશે અને જે વ્યક્તિ સકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું સારું વિધાયક થઈ રહેશે. આપણી આસપાસ ઘડાય છે તેના સ્રોત આપણે પોતે જ હોઈએ છીએ. આપણું મન જેવું હશે તેવું આપણને દેખાશે. એટલે જ તો કહેવાયું છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દરેક બાબતમાં આપણું વલણ ખાડેખાં પણ કાઢવાનું જ હોય તો સારું ક્યાંથી દેખાવાનું? ખરાબ નજર, ખરાબ વૃત્તિ એ સામેવાળામાં ખામી નથી આપણ પોતાની ખામી છે. આપણામાં ખરાબી રહેલી છે જે કોઈનું સારું જોઈ શકતી નથી. આપણા સ્વભાવની વક્રતા અન્યનું સારું સાચુ જોઈ શકતી નથી. જીવનમાં સતત નકારાત્મક ભૂમિકા માણસને કોરી નાખે છે. કારણ કે આ નેગેટિવી આપણી ચેતન, શક્તિ અને ઓજસનો અસ્ત કરી દે છે. આ નકારાત્મક વિચારધારા આખરે યાતના, દુ:ખ અને પીડામાં પલટાઈ જાય છે.

કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. જીવનમાં ઘટતી દરેક બાબતોનો ઉદાર મનોભાવથી સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની સમસ્યાઓ કે પરિસ્થિતિ દુર થઈ જાય છે. સાનુકુળ થઈ જાય છે. અન્યોની સાથે ચાલવા કરતાં આપણે તેઓની સામે ઊભા રહીએ છીએ. જે દુશ્મની, અદાવતનો પાયો રોપી દે છે. અંજપો, ચિંતા અને અસુખ આને કારણે આપણે ભોગવીએ છીએ. સમયના વહેણ સાથે પડવા કરતા તેની સાથે ચાલીએ, વહીએ તો એ વહેતી ધારા આપણી મદદગાર થાય છે. જે વિચાર, વર્તન સાથે વિધાયક ભાવે જોડાશું તો એના લીધે તે આપણી શક્તિને બળ બની જશે. દુ:ખ-સુખમાં, યાતના રાહતમાં, નિષ્ફળતા સફળતામાં પલટાઈ જશે. વિરોધ કરવા કરતાં વિધાયક ભૂમિકાથી સમય, સંજોગ અને પરિસ્થિતિ બદલાય છે. એટલે જ તો પરિસ્થિતિ અસ્તિત્વ, સમય અને સંજોગ કાળનો સ્વીકાર એજ જીવન છે.

હંમેશા અન્યોના વિચારોને વળણને પ્રત્યે સકારાત્મક ભાવ ધરાવવા જોઈએ. દરેકના વિચાર વલણ આપણી અનુકુળ ન હોય તો પણ તેને સાનુકુળ આપણે થઈ જઈએ, તેની સાથે સકારાત્મક થઈ જઈએ તો સંઘર્ષ ન સર્જાય અને શાંતિ, સુખ, સદ્‌ભાવનો માહોલ સર્જાય. જે આગળ નકારાત્મક વલણ હારી જાય છે. હટી જાય છે. બધે બધું આપણી મરજી મુજબ ચાલવાનું નથી. જીવનના પ્રવાહને આપણી ઈચ્છા મુજબ વાળી શકાય નહી પણ તેને અનુકુળ થઈ આપણે વહીએ તો તેની મજા અનન્ય હોય છે. અસ્તિત્વ, પરિસ્થિતિ, સમય, સંજોગો અને કાળનો સ્વીકાર કરવું એ જ જીવનની ભૂમિકા રહેવી જોઈએ. વ્યક્તિને સુખ જોઈએ છે. દુ:ખ જોઈતું નથી સારું જોઈએ છે. પણ ખરાબ-ખોટું પડતું મૂકી દઈએ છીએ. દરેક સારી ખરાબ વૃત્તિ એક સિક્કાના બે ભાગ જેવા છે. જેમ દરેક વસ્તુના બે છેડા હોય છે જે ખુલ્લા હોય છે. એમાંથી ક્યો છેડો પકડવો એ આપણી મનોવૃત્તિ વલણ પર આધારીત છે. જીવન જીવંત, ધબકતું રહેવું કે અટકાવી દેવું આપણા હાથની વાત છે.

– જય જ્ઞાતિમૈયા

# સંયુક્ત પરિવારમાં સંબંધો સાકર જેવા મીઠા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માનવ એક સામાજિક પ્રાણી છે. અર્થાત્ માનવી એકલો રહી શકતો નથી. સતત સમાજમાં રહેવું એને ગમે છે. અરસ પરસ હળી-મળીને સંબંધો વધારીને, મૈત્રી મજબૂત કરીને તે આગળ વધે છે. સમાજમાં રહીને, સમાજ સાથે વસીને તેની પ્રગતિ થઈ છે. ખરી રીતે જોઈએ તો માણસ કુટુંબ પ્રેમી જીવ છે. કુટુંબ સાથે રહેવાની મજા જેવી બીજી કોઈ મજા તેને થતી નથી. ખાસ કરીને લોહીના સંબંધ હોય કે પુખ્ત વયે લગ્ન સંબંધથી બનતા સંબંધી-સ્વજનો હોય. બે વ્યક્તિઓના જોડાણથી સંબંધો વિસ્તરે છે અને પરિવાર ફલે ફૂલે છે. પારિવારિક સંબંધોમાં બંધાયેલા રહેવાથી સ્નેહ, પ્રેમ અને લાગણીથી ટેકો અને પુષ્ટિ મળે છે.

પરિવારના દરેક સભ્યોના વિચાર, વર્તન અને વાણી અલગ અલગ રહેવાના એમાં ક્યારે એક બીજા વચ્ચે ખટાશ પણ આવી જવાની. કુટુંબમાં રહેનાર પ્રત્યેક વ્યક્તિ તાણ અનુભવે છે. મનદુઃખ, અણગમાની લાગણી પણ તેનામાં પ્રર્વતે છે. સમયના પરિવર્તનની અસર કુટુંબ પરિવાર વ્યવસ્થા પર દેખાઈ રહી છે. સંબંધોની પરંપરા નાના પરિવારને લીધે સંકડાઈ રહી છે. એક, બે સંતાનને કારણે અન્ય સગાઓ ઓછા થતા જાય છે. આને લીધે પરિવારનો પરિઘ વર્તુળ પણ નાના ઘેરાવામાં વીંટળાવવા લાગ્યો છે. સંબંધોના દરેક ક્ષેત્રે વિસ્ફોટ યુધ્ધ જેવી પરિસ્થિતિ સર્વત્રે દેખાઈ રહી છે. પછી એ ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, પિતા-પુત્ર, પુત્રી, પતિ પત્ની વચ્ચે હોય કે પછી પડોશી સાથેના સંબંધની વાત હોય. બધે જ સંઘર્ષ થતો જોવાય છે. આ પરિસ્થિતિ જોવા એક વાત ચોક્કસ સમજાય જાય છે કે સંબંધોની મહત્વતા ઘટી ગઈ છે. તો સાથો સાથ સંબંધો સાચવવાની, આગળ વધારવાની કલા પણ આપણે સદંતર ભૂલી ગયા છીએ.

દેશમાં પરંપરાગત રીતે સંયુક્ત પરિવારનું ચલણ પ્રચલિત રહ્યું છે. સંયુક્ત કુટુંબની પરંપરા અને એ સંયુક્ત પણામાં રહેવાની મજા કંઈ અલગ જ હતી. આવા કુટુંબોમાં વડીલો પ્રત્યે માન, નાનાઓને વાહન અને એક બીજા પ્રત્યે પ્રેમ-સ્નેહભાવ પ્રવર્તતો હતો. વડીલો પોતાના જ્ઞાન, અનુભવ અને મુત્સદ્દીપણાથી કુટુંબનું માર્ગદર્શન કરતા હતા. તો મધ્યમ વયના પુરૂષ સભ્યો કુટુંબના ભરણ પોષણ અને પ્રગતિ માટે મહેનત કરતા હતા. તો સ્ત્રી સભ્યો મોટા નાના સૌ માટે પૌષ્ટિક આહાર, સ્વાસ્થ્ય સંભાળ અને દરેક પ્રકારે કાળજી લઈ મુખ્ય આધાર સ્તંભ બની રહેતી હતી. નાના સંતાનો અભ્યાસ, જ્ઞાન, શિક્ષણ અને કુટુંબની માન મર્યાદાનું અનુકરણ અને પાલન કરતા હતા.

આજે આ આદર્શ પરંપરા નાશ પામી છે. કુટુંબની સાથે સમાજ બન્ને દિશાહીન થઈ રહ્યાં છે. સંયુક્ત પરિવારથી સુખ, સમૃધ્ધિ અને આબાદી ઉન્નતિ, શાંતિ રહેતી એમાં ઘસારો થઈ રહ્યો છે અને સતત વધુ ઘસારો પહોંચી રહ્યો છે. સંયુક્ત કુટુંબથી મળતા ફાયદા જેવા કે માન, મર્યાદા, સન્માન, આદરભાવ, સંપ, સમન્વય જેવા ગુણ આજે નાના મોટાઓમાં લુપ્ત થઈ જઈ રહ્યાં છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ડોંબિવલીના પ્રવીણ ટોકરશી લોડાયાને 'આદર્શ ડોંબિવલીકર' નો પુરસ્કાર એનાયત



શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના પ્રમુખ અને શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના માનદમંત્રી પ્રવીણ ટોકરશી લોડાયા કોઠારાને તેમની વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સેવા પ્રદાન આપવા માટેની નોંધ લઈ કદરરૂપે સામાજિક ક્ષેત્રના 'આદર્શ ડોંબિવલીકર'નો પુરસ્કાર ડોંબિવલીના ધારાસભ્ય અને મહારાષ્ટ્ર રાજ્યના સાર્વજનિક બાંધકામ વિભાગના મંત્રી રવિન્દ્ર ચવ્હાણના હસ્તે તા.30 એપ્રિલ રવિવારના એક સમારોહમાં એનાયત કરાયો.

ડોંબિવલીના વિવિધ ક્ષેત્રના ૫૦ જેટલા સેવાભાવી અગ્રણીઓ ગણમાન્યવરોનું આ પુરસ્કાર એનાયત કરી સન્માન કરાયું એમાંથી કચ્છી ગુજરાતી એક માત્ર ક.દ.ઓ.જ્ઞાતિના ઉત્સાહી સેવાભાવી કાર્યકર પ્રવીણ ટોકરશી લોડાયા એક માત્ર વ્યક્તિ હતા.

આ સન્માન ગૌરવ મેળવ્યા બદલ હાર્દિક અભિનંદન સાથે સંઘ, ધર્મ અને સમાજ સેવાના કાર્યો તેમના દ્વારા અવિરત કરાતા રહે એજ શુભેચ્છા.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જલગામના ક.દ.વિ.ઓ.સિનિયર સિટીઝનો માટે સેકન્ડ ઈનિંગ્સ ક્લબની સ્થાપના કરાઈ



**સેકન્ડ ઈનિંગ્સનો પ્રથમ પ્રોગ્રામ**

જિંદગીની પહેલી ઈનિંગ્સને ભૂલી બીજી ઈનિંગ્સની શરૂઆત કરવાના હેતુસર પોતાના માટે કંઈક કરી પોતાના જેવાના સાથે મળીને બોનસ લાઈફને મજેદાર બનાવી શકે તે હેતુથી જલગામ નિવાસી કચ્છી દશા વિશા ઓસવાલ સિનિયર સિટીઝન વય ૬૫થી ઉપરના લેડીઝ અને જેન્ટસ માટે સેકન્ડ ઈનિંગ્સ ક્લબની સ્થાપના તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ના બપોરે ૩.૩૦ વાગે જલગામ મહાજન વાડીમાં કરી પ્રથમ પ્રોગ્રામ થયો. આ ક્લબ દ્વારા વર્ષના ૬ પ્રોગ્રામ થશે.

વડીલોને હાથે દીપ પ્રજવલિત કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ બધા વડીલો પાસેથી ફોર્મ ભરાવવામાં આવ્યા. જેમાં એમની ડિટેલ નોંધવામાં આવી જેમાં એમના બાયોડેટા મેડિકલ હેલ્થ ઈસ્યુ એમની હોબી, ઈર્મજન્સી કોન્ટેક્ટ નંબર વિગેરે નોંધવામાં આવ્યા. લગભગ ૫૦ જેટલા વડીલોના ફોર્મ ભરવામાં આવ્યા.

કમિટીના સેક્રેટરી સૌ. કલ્પનાબેન અશ્વિનભાઈ શાહએ બધાને ભવિષ્યવાણીના ગેમ રમાડી. બધાને પોતાનો ભવિષ્ય સાંભળવાની ખૂબ મજા પડી અને ત્યારબાદ સૌ સાથે મળીને હાઉસી ગેમ રમ્યા.

ઈડલી ઢોસાનું અલ્પાહાર તથા પ્રથમ પ્રોગ્રામની સ્થાપના નિમિત્તે વડીલોના હાથે કેક કટીંગ કરાયું આમ ભરપૂર આનંદ માણી બીજા પ્રોગ્રામની જાહેરાત કરી સૌ છૂટા પડ્યાં.

સેકન્ડ ઈનિંગ્સ ક્લબનો બીજો પ્રોગ્રામ તા.૩૦ એપ્રિલ રવિવારના રોટરી ભવન જલગામમાં એક શામ સંગીત કે નામ અંતર્ગત ઓલ્ડ ઈઝ ગોલ્ડ મેલોડી વિથ ઓરકેસ્ટ્રા કાર્યક્રમનું આયોજન કરાયું. આ દિવસે પ્રોગ્રામમાં આવનાર સૌ વડીલોને

# જલગામના ક.દ.વિ.ઓ.સિનિયર સિટીઝનો માટે સેકન્ડ ઈનિંગ્સ ક્લબની સ્થાપના કરાઈ




**સેકન્ડ ઈનિંગ્સનો દ્વિતીય પ્રોગ્રામ**

૭૦-૮૦ દશકના અભિનેતા અભિનેત્રીઓના ગેટઅપ-વેશભૂષામાં આવવાની સૂચના આપી હતી.

ઓરકેસ્ટ્રા સાથે જૂના ફિલ્મીગીતો ગાવાની, સાંભળવાની અને ઝૂમતાં ડાન્સ કરવાની સૌને ખૂબજ મજા પડી. વેશભૂષામાં તૈયાર થઈ આવેલા તથા જૂના ગીતો જેમણે ગાયા અને તેની ઉપર ડાન્સ કર્યા એ મેમ્બરને સરપ્રાઈઝ ગિફ્ટ આપવામાં આવી.

આજના દિવસે વડીલ કલ્યાણજીભાઈ સતરા અને તેમના ધર્મપત્ની સૌ અરૂણાબેનની ૪૯મી લગ્નવર્ષગાંઠ નિમિત્તે વડીલો સાથે કેક કટીંગ કરાઈ. આ દિવસના પ્રોગ્રામની સ્પોન્સરશીપ એમના તરફથી હતી. આ માટે સેકન્ડ ઈનિંગ્સ કમિટીએ તેમનો આભાર માનેલ.

સૌ.ટીનાબેન રાજેન્દ્ર પોલડીયાના પૌત્રી કુ.કીઆનાની વર્ષગાંઠ નિમિત્તે રૂા.૧૦૦૧ની ખુશી ભેટ તથા સૌ કાશ્મીરાબેન જીતેશ લોડાયાના વર્ષીતપ નિમિત્તે રૂા.૫૦૧ની ખુશી ભેટ ક્લબને આપી હતી. અંતે ઉપસ્થિત સૌએ લહેજતદાર ભોજનનો આનંદ માણી. છેલ્લે દાંડિયા અને કચ્છી ધમાલ રમી છૂટા પડ્યાં હતાં.

સેકન્ડ ઈનિંગ્સના પદાધિકારીઓ તથા અન્ય કમિટી મેમ્બરો નીચે મુજબ છે. પ્રમુખ સૌ. શિલ્પા કલ્પેશ માણેકજી છેડા-જસાપર, ઉપપ્રમુખ શ્રીમતી મંજુલાબેન મુકેશ શાંતિલાલ ઓસવાલ લોડાયા-સાંયરા, ખજાનચી સૌ.ભારતી ભરત કુલીનકાંત લોડાયા-બારોઈ, સચિવ સૌ. કલ્પના અશ્વિન શાહ-લાખાપર. કમિટી મેમ્બર્સ સૌ.ગીતા સંજય શાહ-ડુમરા, સૌ.ઈન્દિરા જયેશ શાંતિલાલ લાપસીયા-સુથરી, સૌ.મિરલબેન સિધ્ધાંત રાજેન્દ્ર પોલડીયા-બાયઠ, શ્રીમતી રંજન અભય શાહ-બારોઈ, સૌ.અલ્પાબેન સુનિલ ચંપકલાલ નાગડા-રંગપુર.

# શ્રી ક.દ.ઓ.જૈન એકતા મહિલા મંડળ બૃહદ ગાંધીધામ દ્વારા કચ્છ ઈકો એડવેન્ચર કેમ્પ યોજાયો




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન એકતા મહિલા મંડળ બૃહદ ગાંધીધામ દ્વારા તા.૨૫ એપ્રિલ બપોરે ૩.૩૦ થી તા.૨૬ એપ્રિલ બપોરે ૧૧ સુધી મહિલા સભ્યો માટે કચ્છી ઈકો એડવેન્ચર કેમ્પનું અલગ અનુભવ કરાવતું નવતર પ્રકારના પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પિકનિકમાં સારી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. કેમ્પમાં કેમ્પ ફાયર, ડીજે નાઈટ, નાઈટ ફોરેસ્ટ વોક, સનરાઈઝ ટ્રેકીંગ, બોટીંગ, સ્વિમીંગ પુલ તથા ગેમ્સ જેવી સ્પેશિયલ આકર્ષક એક્ટિવીટીઝ કરવામાં આવી હતી. જેમાં બધી જ મહિલાઓ સહભાગ લઈ ખૂબજ એન્જોય કર્યું હતું.

બપોરનો ચા નાસ્તો, રાતનું ડીનર, બીજા દિવસે સવારનું ચા નાસ્તાનું આયોજન સારી રીતે કરાયું હતું. એકતા મહિલા મંડળ પ્રમુખ મીનાબેન લાલકા તથા કારોબારી ટીમના દિપ્તીબેન ધરમશી, મૃદુલાબેન નાગડા, લિપિકાબેન મૈશેરી, દિપ્તીબેન લોડાયા, ભાવિનીબેન દંડ, કલ્પનાબેન મોતા, પદમિનીબેન નાગડા બધાએ એકબીજાના સાથ સહકાર સાથે પિકનિકને સકસેસ ફૂલ બનાવી હતી.

# રાયપુરમાં પધારેલ પ્રવીણ તોગડીયા સાથે ચંદ્રેશ છેડાએ ચર્ચા કરી



સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રેશભાઈ છેડા છતીસગઢના એક આગેવાન રાજકીય નેતા તેમજ સમાજસેવક છે. ભારત જ્યારે હિન્દુ રાષ્ટ્ર બની રહ્યું છે. ત્યારે હિન્દુ નેતાઓ પ્રચારાર્થે ગામેગામ ફરી રહ્યા છે.

તા.૨ મે મંગળવારના છતીસગઢ રાજ્યના રાયપુર નગરમાં હિન્દુ સંગઠન અગ્રણી અને નેતા પ્રવીણભાઈ તોગડીયા પધાર્યા હતા. આ પ્રસંગે ચંદ્રેશ છેડા તેમને આવકારી તેમની સાથે સૌજન્ય મુલાકાત કરી હતી અને વિવિધ વિષયો ઉપર ચર્ચા વિચારણા કરી વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું.

# પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. ઓપરેશન થયા પછી સુખશાતામાં છે

પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.નું પિતાશય-ગોલ્ડ બ્લેન્ડરનું ઓપરેશન સારી રીતે સિમ્સ હોસ્પિટલ અમદાવાદમાં થઈ ગયેલ છે અને તા.૩ મે બુધવારે ગુરૂદેવને ડિસચાર્જ પણ મળી ગયેલ છે. અત્યારે પૂ.ગુરૂદેવ શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ (કચ્છ-પુનડી) અચલગચ્છ જૈન ઉપાશ્રય, નવનીત વિવિધ લક્ષ્મી ભવન, પી.ટી.કોલેજ રોડ, કોમન એન્કલેવ સામે, ચંદ્રનગર, પાલડી મધ્યે બિરાજમાન છે. હમણાં તેઓ અત્રે સ્થિરતા કરશે. પૂ.ગુરૂદેવ સુખશાતામાં છે.

સકલ સંઘ દર્શન વદંનનો લાભ લે એવી વિનંતી, શાંતિલાલ મૂળજી સાવલા, પ્રમુખ શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ દ્વારા કરાઈ છે.

# પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૪ વર્ષમાં મંગલ પ્રવેશ



કચ્છ ગામ સાંયરાના માવિત્ર માતુશ્રી નવલબેન વીરચંદભાઈ વાલજી મોમાયાના ધર્મ અનુરાગી દીકરી વિક્રમ સંવત ૨૦૩૬ના વૈશાખ સુદ ૧૩ તિથિ દિને પાલીતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી વિજય યશોભદ્રસૂરિશ્વરજી મ.સા.ના હાથે દિક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ સંયમ જીવન પંથે વિચરણ પ્રારંભ કર્યો.

તપ, ધર્મ, આરાધનાઓ કરતા કરતાં સંયમ જીવન પથના ૪૩ વર્ષ પરિપૂર્ણ કરી વિક્રમ સંવત ૨૦૭૯ના વૈશાખ સુદી ૧૩ તિથિએ સાહેબજી ૪૪ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે ત્યારે આગળનો આત્મકલ્યાણનો માર્ગ અદ્‌ભૂત પથ સુવર્ણ, હીરક, અમૃત વર્ષ ઓળંગી શતક વર્ષ શિખરે પહોંચે એવી શુભ ભાવના, કામના અને આરાધના સાથે શત શત વંદના.

# ગુજરાત મહારાષ્ટ્ર સ્થાપના દિન ઉજવણી પ્રસંગે કેરાલા રાજ્યપાલ દ્વારા કેડીઓને સન્માનિત કર્યા




તા.૧ મે સોમવારના રોજે ગુજરાત રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી કેરાલા રાજ્યના રાજભવનમાં રાજ્યના ગર્વનર આરિફ મોહમ્મદ ખાન દ્વારા કરાઈ. આ કાર્યક્રમમાં કોચીના પરેશ દામજી મોતાને સન્માનિત કર્યા હતા. આ સન્માન ગૌરવ પ્રાપ્ત કરવા બદલ પરેશભાઈ મોતાને હાર્દિક અભિનંદન.

# તેલગંણાના રાજ્યપાલ દ્વારા હૈદ્રાબાદના પ્રાણીમિત્રના પદાધિકારીઓનું સન્માન કરાયું




તેલગંણા રાજ્યના રાજ્યપાલ શ્રી તામિલસાઈ સૌંદરાજન દ્વારા રાજભવનમાં ગુજરાત મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ. તે કાર્યક્રમમાં ગુજરાતી વુમન એમ્પાયર એન્ટરપ્રિનિયર શ્રીમતી ગીતા હંસકુમાર રાયચંદ સાયલા (સુથરી), પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના રિધેશ રમેશ જાગીરદાર લોડાયા, જયાબેન રમેશ જાગીરદાર, કલ્પના કાંતિલાલ જાગીરદાર બાંઢીયાને આ કાર્યક્રમ માટે આમંત્રિત કરાયા હતા. રાજ્યપાલ દ્વારા તેમનું સન્માન કરાયું અને રાત્રિભોજન માટે તેઓને આમંત્રિત કરાયા હતા. આ સન્માન ગૌરવથી ક.દ.ઓ.જ્ઞાતિનું સન્માન થવા પામ્યું છે.

આ કાર્યક્રમ અંતે રાજભવન દ્વારા ઉપસ્થિત આમંત્રિત ગણ માન્યવરો મહેમાનો માટે મિલેટ ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત એવમં મહારાષ્ટ્ર રાજ્યની પારંપારિક વાનગીઓ સામેલ હતી. કાર્યક્રમમાં કચ્છી ગુજરાતી સમાજ વતી જાગીરદાર ફાઉન્ડેશન અધ્યક્ષા જયાબેન જાગીરદાર, ઉપાધ્યક્ષા ગીતા શાહ, મંત્રી રિધ્ધિશ જાગીરદાર, લવ ફોર કાઉ ફાઉન્ડેશન ચેરમેન જસમત પટેલ, કચ્છી મિત્ર મંડળના પ્રમુખ સુશીલ કાપડિયા, સુપ્રસિધ્ધ સમાજસેવક દિનેશ ગોસર, ગુજરાતી બ્રાહ્મણ સમાજના તરૂણ મહેતા, ભારતીય જૈન સંઘ મંત્રી રંજના શાહ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# રંગપુર નગરે શ્રી ભીડભંજન પારસનાથ સ્વામી અને શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૩૪મો ધ્વજારોહણ ઉલ્લાસ ઉત્સાહ સાથે થયો





હાલાર પ્રદેશના શ્રી રંગપુર નગરના શ્રી ભીડભંજન પારસનાથ સ્વામી અને શ્રી મહાવીર સ્વામી જિનાલયનો ૩૪મો ધ્વજારોહણ વિધિકાર સુશ્રાવિકા લીલાબેન ગાલા અને યુવાન ભવ્ય દેઢિયાના સંગાથે વૈશાખ સુદ ૧૧ તિથિ દિને તા.૩૦ એપ્રિલ રવિવવારના ઉલ્હાસ ઉત્સાહ ભાવ સાથે સંપન્ન થયો. સંઘના શ્રાવક શ્રાવિકોની ભવ્ય ઉપસ્થિત રહી હતી. મુખ્ય ધ્વજાના લાભાર્થી પરિવાર નલિનીબેન રાજેશ લાપસીયા, રંગમંડપની મુખ્ય ધ્વજાના લાભાર્થી પરિવાર હિરેન નવીનચંદ્ર લાપસીયા હતા.




# રાયપુરના ડૉ.દક્ષેસ રાયચંદ લોડાયાની મહેનત રંગ લાવી

ડીકેએસ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને પહેલી જ વાર ત્વચાનું દાન મળ્યું છે. હોસ્પિટલના પ્લાસ્ટીક સર્જરી વિભાગના વડા ડૉ. દક્ષેસ રાયચંદ લખમશી નરપાર લોડાયાએ જણાવ્યું હતુ કે બર્ન ઈન્જરી, એસિડ અટેક અને એક્સીડન્ટના કારણે ઘણી વખત ત્વચાની પ્લાસ્ટીક સર્જરી અર્થાત ત્વચા પ્રત્યારોપણની જરૂર પડે છે. હોસ્પિટલ ત્વચા બેન્ક ધરાવે છે. એ માટે પહેલીજ વાર તેમની સમજાવટના લીધે એક દાતાએ ત્વચાનું દાન કરેલું.



# ખંડવા નગરે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ જિનાલયની ૧૧૦મી વર્ષગાંઠ સહ ધ્વજારોહણ ધામધૂમથી ઉજવાયો






મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ જિનાલયની ૧૧૦મી વર્ષગાંઠ તા.૨મે મંગળવારના અવસરે ધ્વજારોહણ મહોત્સવ તા.૩ મે બુધવારના વિવિધ ધર્મ આરાધનાઓ કરી ઉજવવામાં આવ્યો.

ધ્વજારોહણનો લાભ વિનયભાઈ વાગરેચા પરિવારએ લીધું હતું. આરતી મેઘના કેવલ ધરમશી પરિવાર ઈન્દૌર, મંગલ દીવો નીતિન હિરેન ગોસર પરિવાર, શાંતિ કળશ સૌ સિધ્ધિ જતિન મુનવર પરિવાર બેલ્લારી લીધેલ. સંઘના પ્રત્યેક સદસ્ય તેમની શ્રધ્ધાનુસાર દેરાસરની સજાવટ, રંગોલી, આંગી જૈન ઓમ આદિ કાર્ય સુશોભન કાર્ય બહુ સરસ રીતે કરેલ. યુવા ગ્રુપ સ્વામિવાત્સલ્યની સંપૂર્ણ જવાબદારી સુપેરે નિભાવી હતી.

સંઘના ભાવિક શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ધર્મ લાભ લેતા સહભાગી થયાં હતાં.

# મુખ્યમંત્રીના સાંનિધ્યમાં પક્ષ પદાધિકારીઓ સાથે કાર્યકર્તાઓની મિટીંગ યોજાઈ




કચ્છ જિલ્લાના પાટનગર ભુજ મધે તા.૨૯ એપ્રિલ શનિવારના ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તાઓ સાથે સંપર્ક અને સંવાદ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્ય સાંનિધ્યમાં પ્રભારી મંત્રી, પ્રદેશ સંગઠનના હોદ્દેદારો, જિલ્લા પક્ષ પ્રમુખ કેશુભાઈ પટેલ, કારોબારી પદાધિકારીઓ અને જિલ્લાના ૧૭ મંડળના હોદ્દેદારો સાથે મિટીંગ થયેલ. જેમાં પ્રજાની સેવા અને સુખાકારી માટે રાજ્ય સરકારની વિવિધ યોજાનાઓના ફાયદો છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. વિશ્વની સૌથી વિરાટ રાજકીય પાર્ટી બનેલ ભાજપને આ સ્તરે સુધી પહોંચાડવા માટે કાર્યકરોનો પાયાનો સહભાગ છે. એવું જણાવાયું હતું.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓના પ્રમુખ, કારોબારી ચેરમેન, તેમની ૧૭ મંડલો ઉપરાંત તમામ મોરચાઓના પ્રમુખ, મહામંત્રીઓ, તમામ સેલના સંયોજકો સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

અબડાસા ભારતીય જનતા પાર્ટી વતીથી મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલનું સન્માન કરાયું હતું.

# પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી શીતલનાથ ભગવાન જિનાલયનો ૧૬૯મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો






કચ્છ પરજાઉ નગરના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી શીતલનાથ ભગવાન જિનાલયનો ૧૬૯મો ધ્વજારોહણ પ્રસંગે પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વિધિકાર પ્રવીણભાઈ ગાંગજી સાવલાના સથવારે વિવિધ ધર્મ આરાધનાઓ કરી ભક્તિ આનંદ, ધર્મભાવ સાથે સંપન્ન થયેલ.



# તિરૂપુરના શ્રી સુવિધિનાથ દેરાસરમાં જિનશાસન દિવસની ઉજવણી કરાઈ



તા.૧ મે સોમવારના સવારના ૬.૪૫ થી ૭.૪૫ દરમ્યાન જિનશાસન દિવસની ઉજવણી દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ દેરાસરમાં કરાઈ.

પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરીશ્વરજી મ.સા.એ આ બાબતે સરસ રીતે સમજાવેલ. જિનશાસનનો ઝંડો હંસરાજ વેરશી નાગડા અને રતિલાલ વેરશી નાગડાના હાથે લહેરાવવામાં આવેલ. મોટી સંખ્યામાં ધર્મ બંધુઓ અને ભગિનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ માટે નવકારશી શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ. ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડા સમગ્ર આયોજનની વ્યવસ્થા સંભાળેલ.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**


| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કિડની અને અસ્થી રોગ નિદાન કેમ્પ

ઘાટકોપરમાં ડૉ. મીરાબેન દેવચંદ ધરમશી ઘણા સમયથી કિડની અને અસ્થી(હાડકા)ના રોગ નિદાન કેમ્પ ચલાવે છે. ડૉ. મીરાબેનના જણાવ્યા મુજબ સામાન્યતા દર વખતે ૫૦ થી ૭૦ વ્યક્તિ કેમ્પનો લાભ લે છે. જેમાં થોડી વ્યક્તિ રીપીટ લાભ લે છે. અત્રે નોંધવું રહ્યું કે પગની બિમારીવાળા અને લાકડીની મદદથી ચાલતી વ્યક્તિઓની લાકડી છૂટી જાય છે. એટલું જ નહીં કાયમી ડાયાલિસીસની જરૂર પણ જતી રહે છે. દવાઓ મફત અપાય છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**ચંદ્રકાંતભાઈ મોતા**
તા.૨૮ એપ્રિલ (ઉ.૭૮)
વાંકુ-મુંબઈ




**જ્યોતિબેન મોમાયા**
તા.૩ મે (ઉ.૪૮)
સાંયરા-ગાંધીધામ



**ચંદ્રકાંતભાઈ મોમાયા**
તા.૫ મે (ઉ.૭૨)
સાંયરા-મુંબઈ



**વિનીત ધરમશી**
તા.૫ મે (ઉ.૫૫)
કોઠારા-ડોંબિવલી



**હિરાચંદભાઈ મૈશેરી**
તા.૬ મે (ઉ.૮૪)
માંડવી-નલિયા



**શાંતાબાઈ ખોના**
તા.૬ મે (ઉ.૮૭)
મોટી ખાવડી-હુબલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન




● બંદરીય શહેર માંડવીમાં ૧૪ વર્ષથી સતત જીવદયાનું કામ કરાય છે. શહેર વિસ્તારના રખડતા કૂતરાઓ માટે ૧૫૭ કિલો બાજરાના રોટલા કરી ૧૨ બહેનને રોજગારી સાથે લાકડાના વેપારી, ચક્કીવાળાને સહયોગ મળે છે. અબોલ જીવને અખાદ્ય બિસ્કિટ કરતાં અનાજ વધારે ઉપયોગી ઠરે છે. આ લાગણી સાથે કેન્દ્ર જીવદયા પ્રેમીઓ, દાતાઓ ખેડૂતો, વેપારીઓ, શહેરીજનોના સહયોગથી ચાલી રહ્યું છે. એટલું જ નહીં અમેરિકા, સમસ્ત કે મુંબઈ અને કચ્છ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સ્થાયી થયેલ રોકડને ઘઉં, બાજરો, જુવાર ખેડૂતો મોકલી આપે છે.

● પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના અવશેષો જ્યાં સચવાયેલા છે તે અને યુનેસ્કો દ્વારા ભારતની ૪૦મી વિશ્વ ધરોહરનો દરજ્જો અપાયો છે તે ધોળાવીરા ખાતે અમદાવાદની ક્રાફ્ટ ઓફ આર્ટ સંસ્થા દ્વારા આયોજિત ધોળાવીરા ફેસ્ટિવલમાં વિશ્વના વિવિધ સંગીતવાદ્યોના સૂરો રેલાયા હતા. ધોળાવીરા સાઈટ ખાતે વિશાળ સ્ટેડિયમમાં સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

● અંડર ૧૯ ટી ૨૦ મહિલા વર્લ્ડ કપ ભારતની ટીમએ જીત્યો. આ વિજેતા ટીમમાં મૂળ રાપર તાલુકાના ઘાણીથર ગામની હાલે જુહુ-મુંબઈમાં રહેતી હરલી ગાલાનો સમાવેશ ૧૫ જણની ટીમમાં થયો હતો. અલબત તેને અંતિમ ઈલેવનમાં તક મળી ન હતી. ૫૦ ભારતની ગૌરવશાળી વિશ્વ વિજેતા ટીમની સભ્ય હોવાનું બહુમાન મેળવ્યું છે. તે મધ્યમ ગતિની બોલર અને જમણેરી બેટધર છે.

● દેશ વિદેશના યુવાનોમાં ખાદીને લોકપ્રિય બનાવવાની દિશામાં વિવિધ પ્રયાસો થઈ રહ્યાં છે. જે અંતર્ગત કચ્છના રણમાં સનસેટ પોઈન્ટ ધોરડો ખાતે ઉત્કૃષ્ટ ખાદી નામક ફેશન શોનું આયોજન કરાયું હતું. જેમાં અધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં પ્રવાસીઓ હાજર રહ્યાં હતા.

● મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં પાવર લિફ્ટિંગ ઈન્ડિયાના નેજા હેઠળ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મુંદરાની નેહલ મનીષ પંડ્યાએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. ૫૭ કિલોની વજન કક્ષામાં હરિયાણા, પંજાબ, કેરળની ૧૨ યુવતીઓને મહાત આપી. અવલ સ્થાન મેળવ્યું હતું. નેહલે હરીફ ખેલાડી કરતાં ૭૫૦ ગ્રામ વધુ વજન ઉપાડ્યું હતું. તેમની આ સિધ્ધિએ રીતે વિશેષ બની રહેશે કે નેહલે એક વર્ષ પહેલાં અકસ્માતમાં તેમના જમણા પગના ઘૂંટણનો લીગામેન્ટ ટેન્ડલ ફાટી ગયો હતો. આહાર, ફિઝિયોથેરાપિસ્ટના માર્ગદર્શનથી તેણીએ સ્વસ્થતા પ્રાપ્ત કરી આ સિધ્ધિ મેળવી હતી.

● રાજકોટ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત સ્ટેટ ક્લાસિક પાવર લિફ્ટીંગ ચેમ્પિયનશિપમાં માધાપરના ઉર્વિશા સીતાપરાએ જુનિયર કેટગરીમાં પાવર લિફ્ટિંગ, બેન્ચ પ્રેસ તથા ડેડ લિફ્ટ એમ ત્રણે સ્પર્ધામાં ગોલ્ડ મેલ્ડ મેળવ્યા. આ સ્પર્ધામાં ચેમ્પિયન ઓફ ચેમ્પિયન તથા સ્ટ્રોંગ વુમન ઓફ ગુજરાતનો ખિતાબ પણ હાંસલ કર્યો હતો. એક્સ આર્મીમેન વિનોદભાઈ સીતાપરાના તેઓ પુત્રી છે.

● અંજાર તાલુકાના વરસા મેડી ગામની જિજ્ઞા અરજણભાઈ રબારી અને અજાપરની ચેતના સકરાભાઈ રબારી બચપણ ગાયો ભેંસો વચ્ચે વિતાવીને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું. રમત ગમતમાં ખૂબજ હોશિયાર હોવાથી માધાપર ખાતે સરકારની ડિસ્ટ્રીક્ટ કક્ષાની સ્પોર્ટસ સ્કૂલમાં પ્રવેશ કરી આર્ચરીમાં તાલીમ મેળવી. આજે ૧૪ વર્ષની તથા ૧૩ વર્ષની બંન્ને માલધારી પરિવારની દીકરીઓ પરિવારના પ્રોત્સાહનથી અને નેશનલ સ્તરે ભાગ લઈ શકે એ માટે એક લાખ રૂપિયાની આર્ચરીની કીટ પરિવારના વડીલોએ લઈ આપી છે. તેઓ બન્ને આંધ્રપ્રદેશના વિજયવાડામાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતને રીપ્રેઝેન્ટ કરીને ક્વોલીફાઈડ કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની નિશાને બાજીમાં પસંદગી થનાર આ બંન્નેનું કચ્છ કલેકટરના હાથે સન્માનિત કરાઈ હતી.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)